**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૨૬ ટકા

# શહેરમાં મોડી સાંજે ખરીદીમાં ભારે ભીડ




કોરોના મામલે ભારે ભય ફેલાયો છે. એક પછી એક પોઝીટીવ કેસ મળતાં તંત્ર તો સાબદુ થયું જ છે સાથો સાથ લોકોમાં પણ ફફડાટ ફેલાયો છે. રવિવારે જનતા કરફયુનું આહ્વાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપતા લોકોમાં જીવનજરૂરીયાતની ચીજવસ્તુઓ ખરીદવા જાણે હોડ લાગી છે. મોટા મોલ તો ઘણા દિવસોથી બંધ છે ત્યારે નાના સુપરમાર્કેટ અને કરિયાણાની દુકાનોમાં પણ લોકો ખરીદી માટે ઉમટી પડતા સ્ટોક ખાલી થઈ ગયો છે. કેટલાક સ્થળોએ તો લાંબી કતારો જોવા મળી હતી. કરીયાણું ઉપરાંત શાકભાજી અને જીવનરક્ષક દવાઓની ખરીદી મોટા પાયે થઈ હતી. લોકડાઉનના ભયે સૌને ડરાવી દીધા છે. ગ્રાહકોના ધસારાના પગલે ઘણા વેપારીઓએ લૂંટ ચલાવી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. માસ્ક અને સેનેટાઈઝરનો સ્ટોક પૂરો થઈ ચુકયો છે. જેમની પાસે હજુ સ્ટોક છે તેઓ મન ફાવે તેવા ભાવ વસૂલી રહ્યા છે. જયાં જુઓ ત્યાં આ જ ચર્ચા ચાલે છે. આ બધું જોઈને ઈશ્વરને ફકત એક જ પ્રાર્થના કરી શકાય...આ બધું જલ્દી અટકે તો સારું....

## સિસિકાની તમામ પ્રવૃત્તિ તથા કાર્યાલય ૩૧મી માર્ચ સુધી બંધ રહેશે

ગાંધીનગર, તા.૨૧

વિશ્વ વ્યાપી કોરોના વાઈરસના કહેરનો પગલે ગાંધીનગરની સેવાભાવી સંસ્થા સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા ચલાવવામાં આવતી સામાજિક પ્રવૃત્તિઓ તા. ૩૧મી માર્ચ સુધી સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે સંસ્થાની ફરતા દવાખાનાની સેવા ચાલુ રહેશે. આ સાથે સંસ્થાની મહિલા પાંખની પ્રવૃત્તિ, માર્ચ માસની કારોબારી સભા તેમજ માર્ચ માસની માસિક બેઠક પણ સ્થગિત કરવામાં આવી છે તેમજ માર્ચ માસની વિવિધ પ્રવૃત્તિઓનો આવરી લેતું મુખપત્ર ‘સેવાયજ્ઞ’ પ્રકાશિત કરવામાં આવશે નહી જેની તમામ વરિષ્ઠ સભ્યોએ નોંધ લેવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવ્યું છે. આ સાથે સિસિકા કાર્યાલય પણ તા. ૩૧મી માર્ચ સુધી બંધ રહેશે અને સંસ્થા દ્વારા સરકારના નિર્દેશોનું પાલન કરવા તથા રવિવારે જનતા કરફયુમાં જોડાઈ સહકાર આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## સે-૨૧માં યોજાનાર ગુડી પડવાનું સ્નેહમિલન અને સિધ્ધિ વિનાયક દર્શન બંધ

ગાંધીનગર, તા.૨૧

કોરોના વાઈરસના સંક્રમણને અટકાવવા શહેરના સર્વે ગણેશ ભકતો તેમજ મહારાષ્ટ્રીયન સમાજના સભ્યોને આગામી તા.૨૫મી માર્ચ બુધવારે ગુડી પડવાના તહેવારને પગલે મહારાષ્ટ્રીય નૂતન વર્ષના સંદર્ભે યોજાનાર સ્નેહમિલન કાર્યક્રમ કેન્દ્ર સરકારની સૂચના તથા કોરોના કોવિંદ-૧૯ વાઈરસની ફેલાયેલી ગંભીર બિમારીના કારણોસર સાવચેતીના ભાગરૂપે મોકુફ રાખવામાં આવી છે. આ સાથે સેકટર-૨૧ ખાતે સિધ્ધિ વિનાયક મંદિર ખાતે ગણપતિ દર્શન તાત્કાલિક અસરથી તા. ૩૦મી માર્ચ સુધી બંધ રાખવામાં આવ્યા છે જેની પણ સર્વે નગરજનોને નોંધ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ગાંધીનગર ડેન્ટલ એસોસિએશન દ્વારા દાંતની સારવાર મુલતવી રાખવા અપીલ

ગાંધીનગર, તા.૨૧

કોરોના વાયરસનો પગલે સાવચેતીના ભાગરુપે ગાંધીનગર શહેર ડેન્ટલ એસોસિએશન દ્વારા નાગરીકોને અપીલ કરવામાં આવે છે કે જયાં સુધી અત્યંત જરુરી ના હોય ત્યાં સુધી દાંતની સારવાર મુલતવી રાખવી.

આપણા દેશમાં કોરોના વાઈરસને ત્રીજા તબક્કામાં જતો અટકાવવા માટે તમામ પગલા ભરવા અને તેમાં સહકાર આપવો તે આપણી નૈતિક ફરજ છે. દાંતની સારવાર દરમિયાન દર્દી અને ડોકટર તેમજ સમગ્ર સ્ટાફને કોરોના વાઈરસથી અસરગ્રસ્ત થવાની સૌથી વધુ શકયતાઓ છે. નેશનલ સર્વે મુજબ ડેન્ટિસ્ટને તેમજ દર્દીને સૌથી વધુ ચેપ લાગવાનો ભય રહે છે.

## શહેરની દિકરીએ પીએચડીની પદવી મેળવી




શહેરની દિકરી કુ. દિશા અશોકકુમાર પોપટે ગુજરાત યુનિવર્સિટીમાંથી ડૉ. હેમલ બી. પંડયાના માર્ગદર્શન હેઠળ કોમર્સ શાખા અંતર્ગત ‘ગાંધીનગર જિલ્લાના રોકાણકારોનો નાણાંકીય સાક્ષરતા અને પસંદીદા રોકાણના વિકલ્પો વચ્ચેના સંબંધ’ પર અભ્યાસ વિષય પર શોધ નિબંધ તૈયાર કરીને પીએચડીની પદવી મેળવી છે. જીવણલાલ પોપટ પરિવાર, સમગ્ર સે-૧૬ના વેપારી આગેવાનો અને લોહાણા સમાજ દ્વારા દિકરીને શુભેચ્છા પાઠવવામાં આવે છે.

## મધુર ડેરીના પાર્લર સવારે ૬ થી ૭ અને રાત્રે ૯ થી ૧૦ ખુલ્લાં રહેશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લાના દૂધ સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ મધુર ડેરી દ્વારા ‘કોરોના’ વાઈરસના પ્રકોપથી બચવા વડાપ્રધાન દ્વારા કરવામાં આવેલી અપીલને અનુલક્ષીને તા. ૨૨મી માર્ચ રવિવારના રોજ જનતા કરફયુને સફળ બનાવવા મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાએ શહેરની જનતાના આરોગ્યને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને મધુરડેરીના તમામ પાર્લરો સવારના ૬ થી ૭ અને રાત્રીના ૯ થી ૧૦ દરમિયાન ખુલ્લા રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે મધુર ડેરીના તમામ પાર્લરો સવારના ૭ થી રાત્રીના ૯ દરમિયાન બંધ રહેશે જેની નોંધ લેવા ગ્રાહકો તથા વસાહતીઓને અનુરોધ કરવામાં આવ્યો છે.

## ગાંધીનગર ડિસ્ટ્રીકટ પ્લેયર્સ એસો.ની ક્રિકેટ ટીમ એલિકોન ટૂર્નામેન્ટની ફાઈનલમાં પહોંચી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર ડિસ્ટ્રીકટ ક્રિકેટ પ્લેયર્સ એસોસીએશનની ટીમે આણંદ ખાતે યોજાયેલી એલિકોન ટૂર્નામેન્ટમાં ગઈ કાલે રમાયેલી સેમી ફાઈનલ મેચમાં એસપીઆઈએસની ટીમને પરાજય આપ્યો હતો. આ મેચમાં રોહિત દહિયાને ૨૩ રનમાં ૫ વિકેટ ખેરવવા બદલ મેન ઓફ ધ મેચ જાહેર કરાયા હતા.

આણંદ ખાતે ચાલી રહેલી એલિકોન ટૂર્નામેન્ટમાં ગઈ કાલે રમાયેલી સેમી ફાઈનલ મેચમાં અમદાવાદની એસપીઆઈએસની ટીમ પહેલા બેટીંગ કરતા રોહિત દહિયાની ૨૩ રનમાં ૫ વિકેટ અને કુલદીપ સકસેનાની ૧૯ રનમાં ૩ વિકેટ ઉપરાંત જય પટેલની ૨૨ રનમાં ૨ વિકેટની ઝંઝાવાતી બોલિંગ સામે ૩૬.૧ ઓવરમાં માત્ર ૧૩૯ રન બનાવી ઓલ



આઉટ થઈ ગઈ હતી. જેમાં હેત પટેલના ૨૪ રનનું યોગદાન હતું. જવાબમાં જીડીસીપીએની ટીમે નિકુંજ પ્રજાપતિના ૬૨ રન તથા ક્ષિતિજ પટેલના નોટઆઉટ ૫૨ રન સાથે માત્ર ૩૩.૧ઓવરમાં ૩ વિકેટે ૧૪૧ રન ખડકી મેચ જીતી લીધી હતી. જીડીસીપીએના બોલર રોહિત દહિયાને મેન ઓફ ધ મેચનો ખિતાબ અપાયો હતો.

## અક્ષરજ્ઞાનના વર્ગોના બાળકોનું ‘નમસ્તે’..!!



શહેરના સેકટર-૨૮ સામેની ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવી પરીવારના જરૂરિયાતમંદ વર્ગોના બાળકોને રાત્રી અભ્યાસ કરાવી શિક્ષણ પુરું પાડતા ‘અક્ષરજ્ઞાન’ના વર્ગો ચાલે છે. આ વર્ગોના બાળકોએ કોરોના વાઈરસને પગલે પ્રવર્તમાન સ્થિતિમાં ચહેરા પર માસ્ક સાથે ‘નમસ્તે’ કહી સાવચેતી રાખવાનો સંદેશ આપ્યો હતો.

### ચિરવિદાય

- સ્વ. દેવુબેન તખુજી વાઘેલા, ઉ.વ. ૭૪
- સ્વ. કરશનભાઈ રામજીભાઈ પટેલ, ઉ.વ. ૭૫

## શહેરમાં વિશ્વ ચકલી દિવસની પ્રતિકાત્મક ઉજવણી કરાઈ



શુક્રવારે વિશ્વ ચકલી દિવસ હતો અને ગાંધીનગરમાં પર્યાવરણપ્રેમી નગરજનોની સંખ્યા વધુ હોવાથી દર વર્ષે આ દિવસ ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવે છે. જો કે આ વર્ષે કોરોના વાઈરસના સંક્રમણને પગલે શહેરમાં વિશ્વ ચકલી દિવસની માત્ર પ્રતિકાત્મક ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીનગરના પર્યાવરણપ્રેમી તથા સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યુથ ક્લબ દ્વારા “હેપ્પી સ્પેરો વીક”ના પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર રાજુભાઈ મકવાણાના નિર્દેશન સાથે વિશ્વ ચકલી દિવસ નિમિત્તે વિવિધ વિસ્તારમાં વ્યક્તિગત ધોરણે “હેપ્પી ચકલી ઘર”નું નાગરિકોને વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

## વાવોલમાં આઈસ્ક્રીમ-ઠંડા પીણાં કેરીનો રસ વેચવા પર પ્રતિબંધ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર તાલુકાના વાવોલ ખાતે રાજય સરકારના આદેશ અનુસાર તમામ દુકાનદારો, મોટા દુકાનદાર, ગલ્લાવાળા, શેરડીના કોલાવાળા, પાણીપુરી, દાબેલી વગેરેનો ધંધો કરતા તમામને આગામી તા. ૩૧મી માર્ચ સુધી તેમની દુકાનમાં ઠંડા પીણાં, આઈસ્ક્રીમ, સોફટ ડ્રિન્કસ, શેરડીનો રસ, કેરીનો રસ સહિતના દરેક ઠંડા પીણા ફરજિયાત બંધ કરી દેવા વાવોલ ગ્રામ પંચાયત દ્વારા નોટીસ આપવામાં આવી છે. આ સાથે જયાં સુધી કોરોના વાઈરસ નિયંત્રણમાં ના આવે ત્યાં સુધી સરકાર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન નહી કરનાર સામે પોલીસ ફરિયાદ સહિતની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તેવી વાવોલ ગામના સરપંચ દ્વારા જાહેર નોટીસ આપવામાં આવી છે. આ સાથે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની દુકાન ચાલુ રહેશે જેની છૂટ આપવામાં આવી છે.




ગાંધીનગર કોમ્પ્યુટર એસોસિએશન દ્વારા કોરોના મહામારીને પગલે દરેક સભ્યોને માસ્ક તથા હેન્ડ સેનેટાઈઝરનું વિતરણ કરવામાં આવ્યું હતું આ સાથે એસોસિએશન દ્વારા જનતા કરફયુમાં જોડવાનું આહવાન પણ કરવામાં આવ્યું છે.